# લીઓ ક્લબ દ્વારા રોચક કબડ્ડી સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૧૭
લીઓ ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા આયોજિત લીઓ કપ-૨૦૧૮ કબડ્ડી સ્પર્ધાનું આયોજન સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર, સેક્ટર-૭, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં ૬ જેટલી ટીમોએ ભાગ લીધો હતો.

અન્ડર-૧૯ (ભાઈઓ) માટે આયોજિત આ સ્પર્ધામાં એસ વી પટેલ સ્કૂલ, સેક્ટર-૭, સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સેક્ટર-૧૨, મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સેક્ટર-૧૬, આદર્શ નિવાસી શાળા, સેક્ટર-૮, પ્રેરણા વિદ્યાલય, સેક્ટર-૫ અને શેઠ સી એમ સ્કૂલ, સેક્ટર-૨૩ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. એસ વી પટેલ સ્કૂલનાં આચાર્ય વનિતા બુટાણી અને ડી એન વાટલિયા દ્વારા આ સ્પર્ધા ખુલ્લી મૂકવામાં આવી હતી. દરેક સ્પર્ધકને લીઓ ક્લબ દ્વારા ટીમદીઠ અલગ કલરની ટી-શર્ટ આપવામાં આવી હતી. લીઓ ક્લબના પ્રમુખ મૌલિક પ્રજાપતિ, કો-એરિયા ચેરમેન કથન ત્રિવેદી,, નિખીલ સોની, મહર્ષિ દવે અને ઋત્વિક પટેલ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધકો માટે નાસ્તાની વ્યવસ્થા પણ ક્લબ દ્વારા કરવામાં આવી હતી. સ્પર્ધા ખૂબ જ રોમાંચક રહી હતી. ફાઈનલ મેચ એસ વી પટેલ સ્કૂલ અને પ્રેરણા વિદ્યાલય વચ્ચે યોજાઈ હતી. કઠિન મુકાબલા બાદ એસ વી પટેલ સ્કૂલે ૧૮-૧૭ આ સ્પર્ધા જીતી લીધી હતી. વિજેતા ટીમને માર્ગદર્શન કોચ રૂબિના પઠાણ દ્વારા પ્રાપ્ત થયું હતું.

લીઓ ક્લબ દ્વારા વિજેતા અને ઉપવિજેતા બંને ટીમોને ટ્રૉફી દ્વારા સન્માનિત કરવામાં આવી હતી. બંને ટ્રૉફી માટે ક્લબને ઐશ્વર્યા સ્પોર્ટ્સ, સેક્ટર-૧૪ તરફથી સૌજન્ય પ્રાપ્ત થયું હતું.

**ડાયરેક્ટ ❤ સે**

કોઈનાથી
બહુ બળવું નહીં
ધૂમાડો
સ્વાસ્થ્ય માટે
હાનિકારક છે

## જન્મદિને વધામણી



ભાગ્યેશ જહા
મો. ૯૯૭૮૪ ૦૭૬૦૧



ગિરીશકુમાર ઓ રાવલ
મેનેજિંગ ટ્રસ્ટી, ઓમ એજ્યુકેશન ટ્રસ્ટ
મો. ૯૮૨૫૦ ૩૫૩૮૩



બહેચરભાઈ પી પ્રજાપતિ
મંત્રી, સહયોગ મંડળ
ઓડિટર, જય અંબે પરિવાર



રાજ
પ્રદીપકુમાર ગગલાણી
એમબીબીએસ
મો. ૯૮૨૪૨ ૮૬૧૨૧



આયેશા બલોચ

# શિર્ડીની 'મેરે સાંઈ, મેરી મેરેથોન'માં સંજય થોરાતે ફિનીશરનો મેડલ જીત્યો




ગાંધીનગર, તા. ૧૭
શિર્ડી ખાતે ગત રવિવારે પ્રથમવાર જ 'મેરે સાંઈ, મેરી મેરેથોન' અન્વયે ૪૨ કિમીની ફુલ અને ૨૧ કિમીની હાફ મેરેથોન યોજાઈ હતી. ભારતભરમાંથી સાંઈબાબામાં આસ્થા ધરાવતાં અનેક રનર્સ ત્યાં પહોંચ્યાં હતાં.

ગાંધીનગર રનર્સ ગૃપના સંજય થોરાતે ૨૧.૦૯૭ કિમીની હાફ મેરેથોનમાં ભાગ લઈને શહેરનું પ્રતિનિધિત્વ કર્યુ હતું અને ફિનીશરનો સાંઈ મેરેથોન મેડલ મેળવ્યો હતો. આ મેરેથોનનું અન્ય આકર્ષણ એટલે દસ હજાર લોકોએ ખુલ્લા પગે બે કિમીની દોડમાં ભાગ લીધો હતો. ગિનીઝ બૂક ઑફ વર્લ્ડ રૅકર્ડ માટે આ પ્રયાસ કરવામાં આવ્યો હતો. મેરેથોન પૂર્ણ કરીને આવ્યા બાદ સંજય થોરાતે આ બૅરફૂટ રનિંગમાં પણ ભાગ લીધો હતો. નોંધનીય છે કે સંજય થોરાતની આ ૨૧મી હાફ મેરેથોન હતી. આ જ દિવસે ગાંધીનગરનાં અન્ય રનર્સ જોધપુર મેરેથોનમાં પણ ભાગ લઈને પરત ફર્યા હતા.

# ઈનોવેટિવ જ્ઞાન વિજ્ઞાનમેળા અને ભાષા કોર્નરનું આયોજન



ગાંધીનગર, તા. ૧૭
મિત્તલબેન સુમનચંદ્ર પંડ્યા બિલેશ્વરપુરા પ્રાથમિક શાળા, તા. કલોલ જિ. ગાંધીનગરમાં ફરજ બજાવે છે, તેઓ સતત બે વર્ષ થી જિલ્લા શિક્ષણ તાલીમ ભવન ખાતે ઈનોવેશન ફેરમાં ભાગ લે છે, અને આ ઈનોવેશન ફેર દ્વારા એમના મનમાં વિચાર આવ્યો કે બિલેશ્વરપુરા શાળામાં પણ બાળકોનો ઈનોવેટિવ ફેર યોજાય. એમના આ વિચારમાં બારોટ બ્રિન્દાબેન તથા પરમાર મહેશભાઈ અને શાળાના આચાર્યશ્રી પણ જોડાયા, અને બિલેશ્વરપુરા પ્રાથમિક શાળામાં ભાષા કોર્નર પ્રવૃતિઓ તથા ઈનોવેટિવ જ્ઞાન વિજ્ઞાનમેળાનું આયોજન તારીખ ૧૪-૨-૨૦૧૮ના રોજ કરવામાં આવ્યું. જેમાં ૫૧ બાળકોએ સ્વરચિત કૃતિમાં ભાગ લીધો હતો. ૨૩ જેટલી કૃતિ તથા ભાષકીય પ્રવૃતિઓનું પ્રદર્શન ગોઠવાયું હતું. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે જિલ્લા શિક્ષણ તાલીમ ભવન ગાંધીનગરના સિનિયર લેક્ચરર અને ઈનોવેટિવ ફેરના માર્ગદર્શક કે. એસ. પરમાર, બીઆરસી કો.ઓ.કલોલ તથા સી આર સી કો.ઓ.છત્રાલ તથા બિલેશ્વરપુરા ગામના સરપંચ ગંભીરજી છનાજી ઠાકોર, ઉપસરપંચ વાલજી ઠાકોર, શંકરજી ઠાકોર તથા છત્રાલ પે.સેન્ટરના આચાર્ય ઉપસ્થિત થયા હતા, અને કાર્યક્રમને નિહાળ્યો હતો. આ કાર્યક્રમમાં બાળકોને ઈનામવિતરણ તથા શાળાના બાળકોને નાસ્તા માટેના આયોજન રૂપે માનનીય સરપંચશ્રીના સહયોગથી દાન મેળવી બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન મિત્તલબેન પંડ્યાએ કર્યું હતું.

# સંસ્કાર ગૃપ દ્વારા આજે રમતગમત અને વાચન

ગાંધીનગર, તા. ૧૭
બાળકો માટે પ્રવૃત્તિ કરતી સંસ્થા સંસ્કાર ગૃપ દ્વારા રવિવારે રમતગમત અને વાચનના કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. આ અંગેની માહિતી આપતાં ગૃપના સંચાલક તુષાર દવેએ જણાવ્યું છે કે તા. ૧૮ ફેબ્રુઆરી ને રવિવારના રોજ સૅક્ટર-૭ના ઉદ્યાન ખાતે સાંજે ૬.૧૫થી ૭.૦૦ કલાક દરમિયાન રમતગમત અને વાચનની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત વૃક્ષોનું સુશોભન કરવામાં આવશે અને સંસ્થાના આગામી કાર્યક્રમો વિશે માહિતી અપાશે અને બાળકોનું મોં મીઠું કરાવવામાં આવશે.

સંસ્થાના સભ્યો ઉપરાંત રસ ધરાવતાં અન્ય સૌ બાળકોને આ પ્રવૃત્તિમાં જોડાવા માટે તેમણે આમંત્રણ પાઠવ્યું છે.

# સરકારી પ્રાથમિક શાળા, સે. ૨૪/૧ ખાતે વિજ્ઞાન પ્રયોગ નિદર્શન કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૧૭
સરકારી પ્રાથમિક શાળા, સેકટર-૨૪/૧ ખાતે શાળાના બાળકોમાં વૈજ્ઞાનિક અભીકોણ ખીલે, વિજ્ઞાનના સાધનોનો પરિચય કેળવે તેવા ઉદેશ્ય સાથે તા. ૧૬/૨/૨૦૧૮ ના રોજ વિજ્ઞાન પ્રયોગ દિવસ ઉજવવામાં આવ્યો. માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના પરીક્ષાના તનાવપૂર્ણ વાતાવરણમાંથી મુક્ત થવાના કાર્યક્રમને ઉત્સાહપૂર્વક નિહાળ્યા બાદ ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન પ્રયોગ દિવસ અને ધોરણ ૧ થી ૫ ના વિધાર્થીઓ માટે ગણિત માટેની રમતની કીટ દ્વારા શિક્ષણ અંગેની પ્રવૃત્તિ કરાવવામાં આવી.

વિજ્ઞાન પ્રયોગ નિદર્શન કાર્યક્રમમાં ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ તમામ વૈજ્ઞાનિક સાધનોનો પરિચય કેળવે તે હેતુથી વિજ્ઞાન લેબોરેટરી ના તમામ સાધનો નામ નિર્દેશન કરી બતાવવામાં આવ્યા બાદ શિક્ષક દ્વારા પ્રયોગ કરી બાળકોને બતાવ્યા. બાળકોએ પણ સ્વપ્રયત્ને પ્રયોગ કરી અનુભવ દ્વારા શિક્ષણ મેળવ્યું. ધોરણ ૧ થી ૫ ના વિદ્યાર્થીઓ માટે ગણિત માટેની રમતની કીટ વડે રમત દ્વારા શિક્ષણ મેળવે તેવી પ્રવૃત્તિ કરાવવામાં આવી. બાળકોએ ખુબ જ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. બાળકોએ મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવેલ સ્વચ્છતાકીટના ઉપયોગથી રમત સાથે સ્વચ્છતા ગુણો નો વિકાસ થાય તેવી રમતો રમાડવામાં આવી.

વિજ્ઞાન પ્રયોગ નિદર્શન કાર્યક્રમમાં શાળાના વિજ્ઞાન શિક્ષકશ્રી પ્રહલાદભાઈ એમ. ચૌધરી તથા બી.એડ કોલેજ, કડી કેમ્પસના તાલીમાર્થી ગામીત સુશીલ, ચૌધરી કોમલ, ગામીત રવિના અને ગામીત અમીષા દ્વારા કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમ અંગેનું માર્ગદર્શન શાળાના આચાર્ય વિપુલભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા આપવામાં આવ્યું.

# એકાગ્રતા કેળવતાં પહેલા ધ્યાન કેવી રીતે ભટકે છે તેના પર ધ્યાન આપો

ગાંધીનગર, તા. ૧૭
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના ૧૦ કરોડ વિદ્યાર્થીઓ સાથે મલ્ટીમીડિયાના માધ્યમથી 'પરીક્ષા પે ચર્ચા' શિર્ષક હેઠળ એક અભૂતપૂર્વ કાર્યક્રમનું શુક્રવારે સંચાલન કર્યું હતું. પરીક્ષાનું ટેન્શન લેતાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતાં વડાપ્રધાને કહ્યું હતું કે પરીક્ષા પહેલા વિદ્યાર્થીઓ દબાણ અને ઉચાટ એટલા માટે અનુભવે છે કે કારણ કે તેઓ એવું વિચારી રહ્યા છે કે તેઓ પરીક્ષા આપવા બેઠા છે. પરીક્ષા આપતી વખતે એવું વિચારો કે કોઈ તમારી પરીક્ષા નથી લઈ રહ્યું, પણ તમે જ પોતાની પરીક્ષા લઈ રહ્યા છો. આમ કરવાથી દબાણ અને ચિંતા દૂર થઈ જશે. તેમણે બાળકોને પરીક્ષાને એક ઉત્સવની જેમ મનાવવાની પણ સલાહ આપી હતી. તેમનું કહેવું હતું કે ઉત્સવમાં લોકો કેટલા મન મૂકીને ઝુકાવે છે બસ પરીક્ષાને પણ ઉત્સવની જેમ લો.

એકાગ્રતા કેવી રીતે લાવવી એવા સવાલના જવાબમાં વડાપ્રધાને કહ્યું હતું કે એકાગ્રતા કેળવતાં પહેલા ધ્યાન કેવી રીતે ભટકે છે તેના પર ધ્યાન આપો. એ શીખશો તો એકાગ્રતા પણ આવડી જશે. હળવાશ અનુભવવા માટે કુદરતની નજીક જાવ. તેમણે પોતાનું ઉદાહરણ આપતાં કહ્યું હતું કે 'હું સ્ટ્રેસ દૂર કરવા તળાવમાં ડૂબકી મારતો હતો.' મન કી બાત કાર્યક્રમમાં સચિન તેંડુલકરની કહેલી વાતને દોહરાવતાં વડાપ્રધાને કહ્યું હતું કે 'તેંડુલકર જ્યારે રમતો હોય ત્યારે તે તેની સામે આવી રહેલા બોલને કેવી રીતે રમવો તેનો જ વિચાર કરતો હતો. આગામી બોલ કે આખી મેચનો નહીં.'સ્એ એકાગ્રતા કેળવવા માટે યોગ કરવાની પણ સલાહ આપી હતી.

મોદીએ શુક્રવારે બપોરના ૧૧થી ૧૨ કલાક દરમિયાન વીડિયો કોન્ફરન્સ દ્વારા ધોરણ ૬ થી ૧૨ના અને કોલેજના વિદ્યાર્થીઓને કરેલા સંબોધને ટ્વિટર પર ૨.૫ અબજ ઈમ્પ્રેશન મેળવી હતી. નવી દિલ્હીમાં કાર્યક્રમ સ્થળ તાલકટોરા સ્ટેડિયમ ખાતેથી વિદ્યાર્થીઓનાં કુલ ૨૦ સવાલનો જવાબ આપ્યા હતા. વિદ્યાર્થીઓએ પણ તેમને વિવિધ ટીવી સમાચાર ચેનલો, નરેન્દ્ર મોદી મોબાઈલ એપ અને માય ગવ પ્લેટફોર્મ દ્વારા કુલ ૯૧ હજાર પ્રશ્નો મોકલ્યા હતા..

બે કલાક સુધી ચાલેલા આ સત્ર દરમિયાન પ્રધાનમંત્રીએ માનસિક ગભરામણ, ચિંતા, એકાગ્રતા, પરોક્ષ દબાણ, માતાપિતાની અપેક્ષાઓ અને શિક્ષકની ભૂમિકા વગેરે જેવા અનેક વિષયો પર પ્રશ્નોની ચર્ચા કરી પરીક્ષા દરમિયાન તણાવ અને ચિંતાને પહોંચી વળવા માટે આત્મ વિશ્વાસનું મહાત્મ્ય દર્શાવવા માટે સ્વામી વિવેકાનંદનો ઉલ્લેખ કર્યો હતો. આગામી માર્ચ માસથી પરીક્ષાઓની મોસમ શરૂ થઈ રહી છે ત્યારે જણાવ્યું હતું કે, 'વાલીઓએ બાળકો પર માર્કસનું દબાણ ન કરવું જોઈએ. વાલીઓ વિદ્યાર્થીઓનું શ્રેષ્ઠ ભવિષ્ય જોઈ શકે છે, પરંતુ વાલીઓએ તેમના સપનાં પૂરા કરવા માટે સારા માર્ક્સ લાવવાની હોડમાં ન ઉતરવું જોઈએ.' તેમણે શિક્ષકોને પણ સલામ કરતાં કહ્યું હતું કે તેમણે માત્ર પુસ્તક અને પરીક્ષાથી આગળ વધીને બાળકના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને અભ્યાસ કરાવવો જરૂરી છે. તેમણે ઈન્ટેલિજન્ટ ક્વોશન્ટ અને ઈમોશનલ ક્વોશન્ટને વિદ્યાર્થીના જીવનમાં સંતુલિત કરવાની કાળજી લેવા પણ કહ્યું હતું.

# છોડી દીધેલો દાખલો, વર્ષો પછી સમજાય તો પકડો કલમ



ગાંધીનગર, તા. ૧૭
ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત 'ટેરવે ઊગ્યું આકાશ' (૧૫મી સદીથી અત્યાર સુધીની ૨૬૧ કવયિત્રીઓનાં કાવ્યોનાં સંપાદનનું)નું વિમોચન જાણીતાં સાહિત્યકાર વર્ષા દાસના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સાહિત્ય અકાદમીના મહામાત્ર ડૉ. અજયસિંહ ચૌહાણે સૌનું સ્વાગત કર્યું હતું અને અકાદમીનાં કાર્યોનો પરિચય આપ્યો હતો. વર્ષા દાસે આવા મહત્ત્વના સંપાદન માટે અકાદમી અને લતા હિરાણીને અભિનંદન આપી અફઘાનિસ્તાન અને જાપાની કવયિત્રીઓ વિશે વિગતે વાત કરી હતી.

અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યાએ કવયિત્રીઓને હજુ નવા નવા વિષયો, સંવેદનોનું આલેખન કરવું જોઈએ એવો અનુરોધ કર્યો હતો. આ સાથે એમણે રશિયા, પાકિસ્તાન, હંગેરીની કવયિત્રીઓ દ્વારા રચિત કાવ્યોનું વાચન કર્યું હતું.

કુલ ૨૭ કવયિત્રીઓએ આ પ્રસંગે કાવ્યોનું પઠન કર્યું હતું. કવયિત્રીઓ દ્વારા ગુજરાતી ભાષામાં રચાયેલાં કાવ્યોનું આટલી મોટી સંખ્યામાં પઠન પ્રથમવાર જ જોવામાં આવ્યું હતું.

ભૂજ, અમરેલી, રાજકોટ, સુરત, મુંબઈ અને સમગ્ર ગુજરાતમાંથી કવયિત્રીઓએ ઉપસ્થિત રહી આનંદપૂર્વક આ પ્રસંગને માણ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મીનાક્ષી ચંદારાણાએ કર્યું હતું.

આજે નહીં તો કાલે એ સામે મળી જશે
આ તો સમય છે, પળમાં એ પાછો ફરી જશે... લક્ષ્મી ડોબરિયા
વિચારને જગાડશો તો કૈંક સૂઝશે
સંવેદના વધારશો તો કૈંક સૂઝશે... પારુલ બારોટ
પૂછો નહીં કે શાને કારણ વહોરી મેં તારાજી
ઘરભેદીને રમતો જોઈ મૂકી દીધી છે બાજી... ગોપાલી બુચ
લ્યો હરિએ મોકલ્યું મને તો એંશી વર્ષે માગું
શું હજી હું તમને હરિજી અઢાર વર્ષની લાગું ?... યામિની વ્યારા
છોડી દીધેલો દાખલો વર્ષો પછી, સમજાય તો પકડો કલમ
કોરી હથેળી પર ભૂંસેલું નામ, જો વંચાય તો પકડો કલમ
-પારુલ પરમાર
નહિ સમાવી શકાય વામનનાં ત્રણ પગલાંથી
એ દોસ્ત, વિસ્તાર આ હૃદયનો થોડો મોટો છે... છાયા ત્રિવેદી